# આઝાદી કૂચમાં દલિતોની સંખ્યા નહિવત : કૂચનો ફિયાસ્કો

મહેસાણામાં પાટીદારો બાદ આજે દલિત સમાજે એક આઝાદીની રેલી કાઢી હતી જેમાં મોટી સંખ્યામાં દલિત આગેવાનો હાજર રહેનાર છે તેવી જાહેરાત તંત્રએ અંતે આ રેલીને પ્રસ્થાન કરવા દીધી હતી. જોકે ફતેપુરા સર્કલ પાસે ૭૯ કરતા વધુ લોકો ની અટકાત પોલીસે કરી છે. જ્યારે આ બનાવમાં એક પોલીસ કોન્સ્ટેબલની તબિયત રોજ સમી સાંજ સુધી મંજૂરી આપવામાં આવી ન હતી. જ્યારે સામે પક્ષે આજે આયોજકોએ કોઈપણ સંજોગોમાં કાર્યક્રમ યોજવા મક્કમતા બતાવી સંમેલન અને હતી. અસામાજિક તત્વો દ્વારા અટકચાળો થવાની શક્યતા નકારી શકાય તેમ હોઈ પોલીસ તંત્ર દ્વારા સતર્કતા દાખવાઈ રહી હતી. તેમ છતાં આ સમગ્ર કાર્યક્રમાં એક કટાક્ષ માર્યા હતા. બુધવારે સવારે ૯-૩૦ વાગે આયોજિત આ સંમેલન અને ત્યાર બાદ બનાસકાંઠાના થરાદ સુધી આઝાદી કૂચના કાર્યક્રમને પોલીસે આપેલી મંજૂરી સાંજે મહેસાણા આવી જિલ્લા પોલીસવડાએ ચૈતન્ય મંડલિકને જરૂરી સૂચના આપી હતી. આ કાર્યકર્મમાં કનૈયા કુમાર, રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના કન્વીનર







કરવામાં આવી હતી પરતું જે વાત કરવામાં આવી હતી તેમાં દલિત આગેવાનો તો હાજર રહ્યા ન હતા પરતું કનૈયા કુમારના ટેકેદારો સહિત દિલ્હીથી અને અન્ય જગ્યાએથી ખેડૂતો હાજર રહ્યા હતા. મહેસાણાથી આ રેલીની પરવાનગી આપવામાં આવી ન હતી પરતું લથડી હતી. તો એક પાકીટમાર પણ આ રેલીમાં ગિરફ્તાર થયો હતો. જ્યારે રેલીનો ફિયાસ્કો સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો.

મહેસાણા શહેરમાંથી રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા આજે બુધવારે દલિત શક્તિ સંમેલન સહિત આઝાદી કુચને તંત્ર દ્વારા ગત રદ કરવાના મુદ્દે ભારે કચવાટ દલિતોમાં સર્જાયો હતો. આ સંજોગોમાં કોઈ અનિચ્છનીય બનાવ બનતો અટકાવવા કાર્યક્રમ સ્થળ અને વિવિધ પોઈન્ટો પર પોલીસને પણ સ્ટેન્ડ ટુ રહેવા સૂચના અપાઈ હતી. સંમેલનને પગલે રેન્જ આઈજી બ્રહ્મભટ્ટ પણ મંગળવારે સાંજે મહેસાણા આવી જિલ્લા પોલીસવડાએ ...

આઝાદી કૂચમાં ૧૨ હજાર લોકો જોડાવાનો દાવો કર્યો હતો. પરંતુ ૨ હજાર કરતા પણ ઓછી સંખયા અહી જોવા મળી હતી.

બીજીબાજુ મંજૂરી વિના આયોજિત કાર્યક્રમ સ્થળે સવારે ૮ વાગ્યાથી ૨૦૦ થી વધુ પોલીસ કાફલો સ્ટેન્ડ ટુ કરી દેવામાં આવી હતી. પાકીટમારને પોલીસે પકડી પાડ્યો હતો. જેને પોલીસે અટકાયત કરીને વધુ તજવીજ કરી છે.

મહેસાણાના સોમનાથ ચોકમાં આજે આઝાદી કુચમાં સરકાર સહિત મોદી સરકાર સામે આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા. જેમાં કનૈયાકુમારએ ભારે કટાક્ષ માર્યા હતા.

જીજ્ઞેશ મેવાણી, ખેડૂત અગ્રણી સાગર દેસાઈ, પાટીદાર અગ્રણી રેશ્મા પટેલ, જેએનયુની પૂર્વ પ્રમુખ સહેલા રસીદ, મુસ્લિમ સમાજના અગ્રણી એડવોકેટ સમસાદ પઠાણ, પંજાબથી ગુરૂમુખસિંઘ તથા દિલ્હીથી નયન જ્યોતી સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા

કનૈયા કુમારએ સરકારને બોલતી અને ફરતી સરકાર ગણાવી હતી અને આ સમગ્ર મામલે પાટીદારોનો ટેકો રહ્યો હતો જેમાં ગામે ગામ સુધી યાત્રામાં પાટીદાર સમાજે તમામ સુવિધા આપવાની જાહેરાત કરી હતી. જ્યારે આ સમયે કનૈયા કુમારએ આરક્ષણને પણ આઝાદીના નારા લગાવતા પ્રશ્નાર્થ ખડો થવા ગયો હતો. જેમાં કનૈયા કુમારે કહ્યું હતું કે આરક્ષણને નહી પરતું સમાજના ભેદભાવને આઝાદીની વાત કરી હતી. આ રેલીમાં કાયદો અને વ્યવસ્થાને ધ્યાનમાં રાખી કાર્યક્રમ સ્થળ અને વિવિધ પોઈન્ટો પર ડીએસપી, ૩ ડીવાયએસપી, ૭ પીઆઈ, ૨૦૦ પોલીસ, ૫૦ મહિલા પોલીસ, ૧ એસઆરપી પ્લાટુન તેમજ સરકારી વીડિયોગ્રાફર ખડેપગે હાજર રહીને આ રેલી માં કોઈ કાંકરી ચાળો ન થાય તેવા પ્રયાસ કાર્ય હતા. પરતું જે રીતે વાત જીગ્નેશ મેવાણીએ કરી હતી તે જોતા કનૈયા કુમારના ટેકેદારો ખાસ જોવા મળ્યા હતા જ્યારે સ્થાનિક દલિતો ઓછા જોવા મળતા.



## અરવલ્લી જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના ૬૦૦ શિક્ષકો દ્વારા મૌન ધરણા યોજાયા

અરવલ્લી જિલ્લા સેવાસદન સામેની બાજુએ સામિયાણો બાંધી અરવલ્લી જિલ્લા શૈક્ષણિક સંઘ દ્વારા શાળા સંચાલક મંડળ આચાર્ય સંઘ અને જિલ્લા વહીવટી સંઘ દ્વારા જિલ્લા કલેક્ટર કચેરી સામે મૌન ધરણા યોજાયા હતા. જેમાં જિલ્લાના ૬૦૦થી વધુ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકના શિક્ષકો સાતમા પગારપંચ સહિત વિવિધ પડતર માંગણીઓ લઈને મૌન ધરણા યોજી આગામી ૧૭ તારીખ સુધીમાં ઉકેલ નહિ આવે તો તમામ શિક્ષણ મંડળો માસ સીએલ પર જવાની ધમકી ઉચ્ચારી હતી.

# મોડાસાની ૧૭ શાળાના બાળકોને સ્કૂલબેગ અપાઈ

## ઇમામ જાફર ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિ : ધર્મ અને નાતજાતના ભેદભાવ વગર સેવા કરવાનો હેતુ

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં ઈમામ જાફર સાદિક ફાઉન્ડેશન નામના ટ્રસ્ટ ધ્વારા આજરોજ મોડાસાની અલગ-અલગ કુલ ૧૭ શાળાઓના ગરીબ વિદ્યાર્થીઓને સ્કૂલબેગનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મોડાસા શહેરમાં ચાલતી ઈમામ જાફર સાદિક ફાઉન્ડેશન ટ્રસ્ટ ધ્વારા શહેરની ૧૭ જેટલી શાળાઓમાં ભણતા ગરીબ વિદ્યાર્થીઓને આ ટ્રસ્ટ દ્વારા સ્કૂલબેગનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં બાળકોને સાથે તેમના વાલીગણ અને આમંત્રિત મહેમાનો પણ પધાર્યા હતા. જેમાં મોડાસાના વરિષ્ઠ નાગરિકો એ આ ટ્રસ્ટના કાર્યક્રમને બિરદાવ્યો હતો તો આવેલ મહેમાનોને મંચસ્થ બિરાજમાન કરી ફૂલછડીથી સ્વાગત કરી આ કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો અને મંચસ્થ બિરાજમાન મહેમાનોમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, સર્વોદય બેંકના ચેરમેન ઈકબાલ ઈપ્રોલીયા તથા રોડ ટ્રાન્સપોર્ટના ચેરમેન જેવી હસ્તીઓએ આ ગરીબ બાળકોને સ્કુલ બેગનું વિતરણ કર્યું હતું. ત્યાર બાદ આ કાર્યક્રમમાં અમરનાથ યાત્રાએ ગયેલા નિર્દોષ શ્રદ્ધાળુઓને આંતકવાદીઓ ધ્વારા મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતા તે મૃતકોને બે મિનીટનુ મૌન પાડી શ્રધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

## પ્રમાણિકતા હજુ મરી પરવારી નથી

# પ્રાંતિજના BSCના વિદ્યાર્થીને પૈસા ભરેલ પાર્કિટ મળતાં પિતા-પુત્રએ મૂળ માલિકને પરત કર્યું

## રોકડ રકમ સાથે પર્સમાં ચેક, વિવિધ બેંકોના એટીએમ કાર્ડ, ક્રેડીટ કાર્ડ સહિતના ડોકયુમેન્ટ હતાં

પ્રાંતિજ તા.૧૨

પર્સ મળે અને અંદર રોકડ રકમ હોયતો આજકાલ તો ભલભલા ની નિયત પર્સ હાથમાં આવતાંજ આંખનાં પલકારામાં બદલાઈ જાય છે પણ પ્રમાણિકતા હજુ મરી પરવારી નથી.



સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે રહેતો અને ન્ર્જીઝ ના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો જગદીશ હરિસિંહ રાવ કે જે પ્રાંતિજ નાની ભાગોળ ખાતે રહેછે અને પોતે પ્રાંતિજ ત્રણ રસ્તા ઉપર આવેલ દેનાબેંક નાં એટીએમ મશીનમાં પૈસા ઉપાડવા ગયો હતો ને ત્યાંથી પર્સ મલ્યુ હતું જેમાં પંદર હજાર તથા બેંક નો ચેક તથા વિવિધ બેંકો ના એટીએમ તથા કેર્ડીટ કાર્ડ હતાં. અને તેને પ્રાંતિજ સ્ટેટબેંક ખાતે ફરજ બજાવતા તેના પિતા હરિસિંહ રાવ ને ફોન કરી જાણ કરી હતી અને પિતાએ પુત્ર જગદીશ ને તરતજ પોતાની બેંક માં બોલાવી પર્સ ખોલી અંદર થી સ્ટેટબેંક નું એટીએમ કાઢીને સર્ચ મારતાં તેનો મોબાઈલ નંબર સહિત મળી આવતાં મુળ માલિક પ્રાંતિજ તાલુકાના કતપુર ગામના પટેલ રવિકુમાર રસીકભાઈ હોવાનું માલુમ પડતાં તેને ફોન કરી બેંકમાં બોલાવી અસલ માલિક ને પિતા-પુત્રએ પર્સ પરત કર્યું હતું અને પર્સ મળતાં પર્સ માલિક રવિકુમાર ખુશ- ખુશાલ થઈ ગયાં હતાં જગદીશ અને તેના પિતા હરિસિંહ રાવ નો આભાર માન્યો હતો ત્યારે આજનાં આ યંત્ર યુગમાં પણ હજું પ્રમાણિકતા હજુ મરી પરવારી નથી તેમ કહીએ તો નવાઈ નહી અને પુત્ર અને પિતાની પ્રમાણિકતાએ પ્રાંતિજ સહિત જિલ્લાનું નામ રોશન કર્યું છે તેમ કહીએ તો નવાઈ નહીં અને પ્રાંતિજ સહિત તાલુકાના લોકો માટે એક પ્રમાણિકતા નું પ્રેરણારૂપ ઉદાહરણ પુરૂ પાડયું છે તેમ કહીએ તો પણ નવાઈ નહીં.

# ભિલોડામાં ઓવરલોડ રેતી ભરેલી બે ટર્બો ટ્રક ઝડપાઈ

ભિલોડામાં ઓવરલોડ રેતી ભરેલી બે ટર્બો ટ્રક ઝડપાઈ મામલતદારએ ટ્રકોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડામાં ઓવરલોડ રેતી ભરેલી બે ટર્બો ટ્રકો મામલતદાર જી.કે.પટેલ,નાયબ મામલતદાર



એન.એમ. ચૌધરી ધ્વારા ઝડપાઈ છે.રેતી-કપચીનો બે નંબરનો ખનીજ ચોરીનો ધીકતો ધંધો કરતા બે નંબરીયા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.રોયલ્ટી પાસ પરમીટથી વધુ રેતીનો જથ્થો ભરેલી બે ઓવરલોડ ટર્બો ટ્રકો ઝડપી દંડનીય અને કાયદેસરની કાર્યવાહી મામલતદારએ હાથ ધરી છે.

ભિલોડા મામલતદાર જી.કે. પટેલએ જણાવ્યુંહતુંકે ઓવરલોડ રેતી ભરેલી ટર્બો ટ્રકો હોવાની બાતમી મળતાં ટર્બો ટ્રક નંબર. જી.જે.૦૮. એ.યુ.૦૪૬૮ અને ટર્બો ટ્રક નંબર. જી.જે.૧૨.બી.વી.૦૮૩૭ ના ડ્રાઈવર પાસે રેતીનો રોયલ્ટી પાસ પરમીટ માંગતા પરમીટથી વધુ ઓવરલોડ રેતી ભરેલી ટર્બો ટ્રક માલીકો વિરૂધ્ધ દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા મામલતદારએ ઓવરલોડ રેતી ભરેલી બે ટર્બો ટ્રકો ઝડપી બંન્ને ટર્બો ટ્રકોનું પંચનામુ કરી મામલતદાર કચેરી કંપાઉન્ડમાં ટર્બોટ્રકો મુંકી દેવાતાં રેતી-કપચીનો ધીકતો ધંધો કરતા બે નંબરીયા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ભિલોડા તાલુકામાંથી પસાર થતી હાથમતી નદી,બુઢેલી નદી,ઈન્દ્રાસી નદી સહિત વાઘાં-કોતરો અને તળાવોમાંથી ખનીજ માફીયાઓ કાયદાની ઐસી-તૈસી કરી બિન્દાસ્ત ખનીજ ચોરી મોટાપાયે કરી રહ્યા છે ત્યારે ખાણ-ખનીજ વિભાગ અને વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયિક તપાસ હાથ ધરવામાં આવે તો મોટા પાયે ખનીજચોરીનું કૌભાંડ ઝડપાઈ શકે તેમ લોકમુખે ચર્ચાય છે.




૧૧મી જુલાઈ વિશ્વ વસ્તી દિવસ ઉજવણી અન્વયે ચાલુ વર્ષે નવી લહેર, નવો વિશ્વાસ સંપૂર્ણ જવાબદારીના સૂત્રથી પરિવારનો વિકાસ અન્વયે જન જાગૃતિ માટે હિંમતનગર તાલુકા હેલ્થ કચેરીથી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ રેલીનુ આયોજન કરવામાં આવેલ. આ રેલીને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સી.ડી.એમ.ઓ. ક્યૂ.એ.એમ. ઓ, અને એસ.એમ.ઓ.એ ઉપસ્થિત રહીને લીલી ઝંડી આપેલ. આ રેલીમાં આયુષ મેડિકલ ઓફિસર, આરોગ્ય કાર્યકર, આશા ફેસેલિટર, અર્બન આશા સાહુએ ઉપસ્થિત રહીને રેલીને સફળ બનાવેલ. આ રેલી સિવિલ હોસ્પિટલથી નીકળી ટાવર ચોકથી દુર્ગા બજાર ફરીને તાલુકા હેલ્થ કચેરી ખાતે પરત આવેલ. આ રેલીનું આયોજન ડૉ. જયેશ પરમાર ટીએચઓ હિંમતનગર દ્વારા કરવામાં આવેલ જેને સફળ બનાવવા ટીઆઈઈસીઓ મૂલજીભાઈ પટેલ અને કચેરીના સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# અરવલ્લી જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા બેટી બચાવો-બેટી પઢાવો કાર્યક્રમ યોજાયો

અરવલ્લી, તા. ૧૨

અરવલ્લી જિલ્લા ભાજપ મોરચા દ્વારા આયોજીત બેટી બચાવો-બેટી પઢાવો અંતર્ગત ઓધારી મંદિર ખાતે ગૌરીવ્રતના પૂજન માટે આવતી બાલીકાઓના પૂજન કરી અને મહિલા મોરચા દ્વારા જ્યારે રાષ્ટ્રીય અધ્યક્ષાના ઉત્તરઝોનમાં આગમન પ્રસંગે પૂર્વ કમળની મહેંદી મુકવાનો વિક્રમ સર્જક કાર્યક્રમમાં સહભાગી થવા અરવલ્લી જિલ્લા ભાજપ મોરચા દ્વારા મોડાસામાં ઓધારી મંદિર, ન્યુ લીપછ ઈન્ટરનેશનલ સંકૂલ, સરસ્વતી બાલ મંદિર ચાદ ટેકરી, પ્રાથમિક શાળા ખાતે કાર્યક્રમ યોજાયો. વિક્રમજનક કમલ મહેંદીને આંબલા ૧૫૦૦ જેટલી બાળાઓને ગૌરીવ્રત પૂજન દરમ્યાન કન્યા પૂજન અને કમળ મહેંદી મહિલા મોરચા હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા મુકવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય મહિલા મોરચા ઉપાધ્યક્ષા ઉત્તરઝોન કન્વીનર કુમારા કૌશલ્ય કુંવરબા, અરવલ્લી જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ નીતાબેન ભાવસાર, મોડાસા નગરપાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ, નગરપાલિકા સદસ્યો તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.

# પાલનપુરમા મહિલા હોમગાર્ડ પર દુષ્કર્મના પ્રયાસથી ચકચાર

મહિલા સશકિતકરણની ગુલબાંગો વચ્ચે આજે પણ સમાજમાં મહિલાઓ સુરક્ષિત નથી. જેની પ્રતીતિ કરાવતો બનાવ સામે આવ્યો છે. જેમાં પાલનપુરની મહિલા હોમગાર્ડની છેડતી અને દુષ્કર્મના પ્રયાસ થતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે પાલનપુર મહિલા પોલીસ મથકે બે આરોપીઓ સામે ફરિયાદ નોધાતા સમગ્ર મામલો પંથકમાં ચર્ચાસ્પદ બન્યો છે.

બનાસકાંઠા જીલ્લામાં દુષ્કર્મની ઘટનાઓમાં ચિંતાજનક હદે વધારો થયો છે. પાલનપુર ખાતે મહિલા હોમગાર્ડ કર્મચારી દ્વારા છેડતી અને દુષ્કર્મના પ્રયાસની ફરિયાદ નોધાઈ છે. જેમાં જણાવ્યા મુજબ, પીડિતા છેલ્લા કેટલાય સમયથી હોમગાર્ડમાં ફરજ બજાવતી હતી. દરમ્યાન તેમની હોમગાર્ડ ઓફીસમાં જ ફરજ બજાવતા બે કર્મચારીઓ દ્વારા તેમનું શારીરિક શોષણ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. મહિલા કર્મચારી જયારે હોમગાર્ડ ઓફીસમાં ફરજ પર હતા. તે દરમ્યાન તેમના અધિકારી અમરતભાઈ પરમાર દ્વારા પાણી પીવાના બહાને ઓફિસમાં બોલાવી તેની એકલતાનો લાભ લઈ તેની છેડતી કરવામાં આવી હતી. જયારે અન્ય હોમગાર્ડ કર્મચારી જયંતીભાઈ પરમાર ધ્વારા ફરજ મામલે અને પરેડ નહીં કરવા બદલ અપશબ્દો બોલી એકબીજાની મદદ કરી ગુનો કર્યો હોવાની ફરિયાદ પીડિત મહિલા હોમગાર્ડે નોંધાવી છે.

પીડિતાની ફરિયાદના આધારે પાલનપુર મહિલા પોલીસ મથકે દુષ્કર્મ અને છેડતીના આરોપના પગલે હોમગાર્ડ કચેરીમાં ફરજ બજાવતા બે કર્મચારીઓ સામે ફરિયાદ નોંધાઈ છે. પીડિતાના નિવેદનના આધારે પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી હોવાનું મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. જશોદાબેન ભાંભોર એ જણાવ્યું હતું.

# તત્વ ઈજનેરી કોલેજ-મોડાસાનું ગૌરવ

અરવલ્લી જિલ્લાની એકમાત્ર પ્રતિષ્ઠિત એવી સ્વનિર્ભર ઈજનેરી કોલેજ તત્વ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીકલ સ્ટડીઝ, મોડાસામાં એમ.ઈ. સિવિલ (ટ્રાન્સપોર્ટેશન એન્જી.) અભ્યાસ કરતા અજય એ. આમલીયારનો ૮.૭૬ સી.પી.આઈ. સાથે જી.ટી.યુ.માં ચોથો ક્રમાંક આવતા તેઓએ તત્વ ઈજનેરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. કોલેજના કેમ્પસ ડાયરેક્ટર જયદત્તાસિંહ પુવારે અને આચાર્ય ડૉ. એચ. આર. વરીઆએ તત્વ પરિવાર તરફથી તેઓને હાર્દિક અભિનંદન પાઠવેલ છે. આ ઉપરાંત કોલેજના એમ.ઈ. સિવિલ (ટ્રાન્સપોર્ટેશન એન્જી.)માં અભ્યાસ કરતા ૧૦માંથી ૭ વિદ્યાર્થીઓએ ડીસ્ટીક્શન માર્કસ મેળવી કોલેજની પ્રતિષ્ઠા વધારેલ છે.



## ભિલોડા મઉં ચાર રસ્તા પર આતંકવાદીના પુતળાનું દહન

અરવલ્લી જીલ્લાના ભિલોડા મઉં ચાર રસ્તા પર આતંકવાદીના પુતળાનું દહન કરી વિરોધ પ્રદર્શન કાર્યક્રમ ભાજપ શહેર સમિતી ધ્વારા યોજાયો હતો.જમ્મુ કાશ્મીરના અનંતનાગમાં આતંકીઓએ ગુજરાતના અમરનાથ યાત્રીકો પર આતંકવાદી હુમલો કરી ૭ યાત્રીકોના મોત નિપજતાં સમગ્ર દેશ અને ગુજરાતીઓમાં આતંકવાદી ઘટના સામે ઉગ્ર રોષ ભભુકી ઉઠ્યો છે.આતંકવાદીના પુતળાનું દહન કરી ઘટનાને વખોડી કાઢી હતી.